**આદર્શ અમદાવાદ**
માર્ચ-૨૦૨૦
માસિક સમાચાર પત્રિકા
તંત્રી :
ભરતભાઈ જે. શાહ

**ટ્રસ્ટી મંડળ**
ભરતભાઈ જે. શાહ
દશરથભાઈ એચ. શાહ
ગુણવંતભાઈ આર. શાહ
મયંકભાઈ જે. શાહ
રશ્મિનભાઈ આર. વોરા
જનકભાઈ નાણાંવટી
રવિભાઈ એમ. શાહ
રૂપેશભાઈ શાહ
સુરેખાબેન શાહ

**મુખ્ય કાર્યાલય**
આદર્શઅમદાવાદ નેહલ, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય પાસે, કોમર્સ કોલેજ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન:૦૭૯-૨૬૫૬૫૪૧૬,
ટ્રસ્ટ રજી.નં.ઈ-૧૫૨૩૨-અમદાવાદ
વેબસાઈટ :
www.aadarshamdavad.org.
facebook :
fb.com/aadarshamd
Email :
aadarshamdavad@yahoo.co.in

છૂટક કિંમત રૂા.૬.૫/- વાર્ષિક લવાજમ રૂા.૭૫/-, ત્રણ વર્ષનું રૂા.૨૧૫/-, પાંચ વર્ષનું લવાજમ રૂા.૩૬૦/-
(૧) Website :
www.aadarshamdavad.org દ્વારા Online : Subscription (લવાજમ) Donation (દાન) આપી શકો છો.
(૨) આપેલું દાન ૮૦-જી(૫) સ્કીમમાં ઈન્કમટેક્ષમાં રાહતને પાત્ર છે.

આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન. ન્યાયતંત્ર, અમદાવાદ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | અનુક્રમણિકા, ટ્રસ્ટની વિગત તથા જાહેરાત | ૩ |
| ૨ | તંત્રીલેખ ક્રમ સ્નેહ સંમેલનમાં હવે પછીનું | |
| | આદર્શ અમદાવાદનું પ્લાનીંગ | ૪-૯ |
| ૩ | વિનામૂલ્યે પ્રવૃત્તિ શીડ્યુઅલ | ૧૦ થી ૧૬ |
| ૪ | પ્રવૃત્તિઓની વિશેષ માહિતી | ૧૭-૨૦ |
| ૫ | આદર્શ અમદાવાદની યાત્રા અને સિદ્ધિ | |
| | અંગેની સ્નેહ સંમેલનમાં રજૂઆત | ૨૧-૨૫ |
| ૬ | ડોનેશન | ૨૬ |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |


## આદર્શ અમદાવાદની વિનામૂલ્યે કાયમી પ્રવૃત્તિઓ

| | |
|---|---|
| (૧) મેડીકલ (પ્રાથમિક સારવાર દવાખાના) | ૦૯ |
| (૨) વિવિધ કનસલ્ટન્સી | ૧૬ |
| (૩) કમ્પ્યુટર તાલીમ કેન્દ્ર | ૦૬ |
| (૪) એક્યુપ્રેશર સારવાર કેન્દ્ર | ૧૧ |
| (૫) પથરીની દવા વિતરણ કેન્દ્ર | ૨૪ |
| (૬) યોગના કેન્દ્ર | ૪૯ |
| (૭) સિલાઈ કેન્દ્ર | ૦૫ |

**વધુ માહિતી માટે સંપર્ક : ૨૬૫૬૫૪૧૬**

# આ મહિનાના વિશેષ પ્રોગ્રામ

❖ આદર્શ બાલ ઘડતર
❖ ડ્રોઈંગ/કેલીગ્રાફી/ક્રાફ્ટ ટીચર્સ ટ્રેઈનીંગ
❖ યોગ ટીચર્સ ટ્રેઈનીંગ સર્ટીફીકેટ કોર્સ
❖ Happiness વર્કશોપ
❖ સિલાઈ તાલીમ ટીચર્સ સર્ટીફીકેટ કોર્સ

# જરૂર છે

❖ વેકેશનની વિવિધ પ્રવૃત્તિઓ માટે ફેકલ્ટી

# સહિયારા જવાબદારીભર્યા પુરૂષાર્થથી થશે ઉજળા ભવિષ્યનું નિર્માણ... એજ છે આદર્શ અમદાવાદની વૃદ્ધિ અને વિકાસ

તા.16-2-2020ને રવિવારે આદર્શ અમદાવાદના સ્વયંસેવક ભાઈ-બહેનો તેમજ દાતાશ્રીઓ, ઓફિસ સ્ટાફના ભાઈ-બહેનો વગેરેનું અભિવાદન કરવા એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. તેમાં ભરતભાઈએ આપેલ વક્તવ્યને અહીં રજૂ કર્યું છે.

(1) આદર્શ અમદાવાદના મારા સાથી ટ્રસ્ટીશ્રીઓ, આદર્શ અમદાવાદને આર્થિક સહયોગ કરનારા સર્વ દાતાશ્રીઓ, પ્રવૃત્તિઓ માટે ફાળવેલી જગ્યાના દાતાશ્રીઓ, નિષ્ઠાભરી સેવાઓ આપી રહેલા ઓફીસ સ્ટાફના ભાઈ-બહેનો, આદર્શ અમદાવાદને અનેકવિધ સર્વિસીસ આપી રહેલા ભાઈ-બહેનો તેમજ આજના આ કાર્યક્રમના હીરોસમા વ્હાલા સ્વયંસેવક ભાઈઓ તથા બહેનો.

(2) આજના મંગલ દિવસે ઢળતી બપોરે, ભાઈશ્રી રૂપેશભાઈના મનોરમ્ય, નયનરમ્ય અને રમણીય ફાર્મ હાઉસમાં આપ સૌ સ્વયંસેવકોનું ભાવભીનું સ્વાગત છે. આપની નિઃસ્વાર્થ અને દીર્ઘકાળ પર્યંતની સેવાઓને બિરદાવું છે અને અભિવાદું છું. ધન્ય છે આપની સેવાઓને અને સલામ છે. આપની સેવા ભાવનાઓને, દોસ્તો, આદર્શ અમદાવાદના ટ્રસ્ટી મંડળ તેમજ અમદાવાદના સેંકડો, હજારો અને લાખો લાભાર્થી નગરજનો વતી આપ સૌની સેવાઓ બદલ આપ સૌનો નમ્ર ભાવે આભાર માનું છું અને આપ સૌને વંદન કરું છું.

આ પ્રસંગે આપના તેમજ આપના સર્વ પરિવારજનોના સ્વાસ્થ્ય, સુખાકારી અને દીર્ઘાયુષ્ય માટે શુભેચ્છાઓ પાઠવીને તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

(3) આજના દિવસે આ ટ્રસ્ટના અમેરિકા સ્થિત મૂળ દાતા શ્રી વસંતભાઈ ભુરાભાઈ શાહ, જેમણે તેમના ઉપકારી પિતાતુલ્ય સસરા, જે મારા કઝિન બ્રધર થાય એ હિંમતભાઈ શામળદાસ શાહના નામનું ટ્રસ્ટ કરવામાં તે સમયે ૨૫ લાખ રૂપિયાની માતબર રકમનું દાન કર્યું હતું. તેમજ મારા સહકાર્યકર્તા અને સર્વ પ્રકારે સહાયક દાતાશ્રી મનોજભાઈ સુમનભાઈ શાહ જેઓ હાલ દીક્ષિત થઈને જૈન સાધુ બન્યા છે. તે બંનેને યાદ કરીને તેઓની ભાવનાની અને યોગદાનની કદર કરું છું.

(4) 2004 થી 2019 પર્યંતની આદર્શ અમદાવાદની યાત્રા, યાત્રાના

પડાવો તેમજ યાત્રાની સિદ્ધિઓની વાત આપણે ભાઈશ્રી કિરીટભાઈ પાસેથી જાણી.

આ બધુ કરવામાં શરૂઆતથી જોડાયેલા પાયાના પત્થર સમાન શ્રી કિરીટભાઈ તથા વયોવૃદ્ધ શ્રી ઘનશ્યામભાઈ આચાર્ય તેમજ શ્રી હરીશભાઈ પાછળથી જોડાયેલા શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી નીનાબેન તથા શ્રી દીનાબેન વગેરેની નિષ્ઠા ભરી સેવાઓને બિરદાવું છું.

અત્રે આપણા સૌના માનીતા, લાડીલા અને વ્હાલા હરીશભાઈનો વિશેષ ઉલ્લેખ કરવો આવશ્યક છે. હરીશભાઈ એટલે કર્તવ્યપરાયણતાની સાક્ષાત મૂર્તિ ૩૬૫x૨૪ જેવી તેમની હાજરી !! સો ટકાનો સહકાર અને સહયોગ, કદી કોઈ વાતની ના જ નહીં. આદર્શ અમદાવાદ અને હરીશભાઈએ ગોળ અને ગળપણની જેમ અભિન્ન છે. આદર્શ અમદાવાદએ હરીશભાઈના પ્રાણ સ્વરૂપ છે અને હરીશભાઈ વિના આદર્શ અમદાવાદ નિષ્પ્રાણ બને !! સલામ અને નતમસ્તક વંદન છે હરીશભાઈની સેવાઓને.

ભાઈશ્રી રૂપેશભાઈએ આપણને આદર્શ અમદાવાદના મૂલ્યો અને સેન્ટ્રલ આઈડિયાની વાત ખૂબ સુંદર દૃષ્ટાંતો આપીને કરી. બુધાભાઈ ટ્રસ્ટની આગમ મંદિરની જગ્યા ફાળવી આપીને રૂપેશભાઈએ આદર્શ અમદાવાદની અનેકવિધ પ્રવૃત્તિઓને વેગવંતી કરી આપી છે.

(5) હવે મારા ભાગે 'આદર્શ અમદાવાદની આવતીકાલ એટલે કે ભવિષ્યનું આયોજન' વિશે વાત કરવાની આવી છે. આપણા સૌના સહિયારા સાથ, સહકાર અને નિષ્ઠાભર્યા પુરૂષાર્થથી જે કંઈ થઈ શક્યું છે, કરી શક્યા છીએ તેના પ્રત્યક્ષ સાક્ષી અને ભાગીદાર તો આપ સૌ છો જ !

આદર્શ અમદાવાદનો મૂળ વિચાર, આપણા મૂલ્યો અને મેળવેલી સિદ્ધિઓ આપણા સૌ માટે પ્રેરણારૂપ અને ઉદાહરણરૂપ છે. હવે આ અનુભવ, જ્ઞાન, કૌશલ્યો અને અભિગમને આપણે અમદાવાદના અન્ય જુદા જુદા વિસ્તારોમાં લઈ જવાનો છે જેથી બીજા અનેક વિસ્તારોમાં રહેતા નગરજનોને પણ આ સેવાઓનો લાભ મળે.

સમજોને આદર્શ અમદાવાદના આજના સફળ મોડેલને હવે આપણે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં Replicate કરવાનું છે, અમલી બનાવવાનું છે. મૂળ વિચાર, મૂલ્યો અને સિદ્ધાંતોને વળગી રહીને અમદાવાદના વિવિધ વિસ્તારોમાં આપણે આદર્શ અમદાવાદની ક્ષેત્રીય ધોરણે શાખાઓ

ખોલવાની છે.

શાખા ખોલવી એટલે કે અમદાવાદના કોઈ એક વિસ્તારમાં એક જવાબદાર અને સ્વયંપ્રેરિત સ્વયંસેવકે સ્વૈચ્છિક ધોરણે આગળ આવીને એક શાખાની જવાબદારી સ્વીકારવાની છે. પોતાના રહેઠાણની ચારે બાજુના બે, અઢી કે ત્રણ કિલોમીટર ફરતેના વિસ્તારમાં સેવાઓ આપતી એક ક્ષેત્રીય કાર્યકારી વ્યવસ્થા ઉભી કરવાની છે. એમ કહી શકાય કે પોતે જ તે ક્ષેત્રના ભરતભાઈ બનીને ત્યાંના સ્થાનિક કિરીટભાઈ અને હરીષભાઈ ઊભા કરીને શરૂઆત કરવાની છે. આ ત્રણ સ્વયંસેવકો પોતાનો રોજના સરેરાશ ત્રણ કલાકનો સમય આપીને આ શરૂઆત કરી શકે. આ સેવાઓ આ કાર્યને પોતાનું ઘર, પોતાની દુકાન, પોતાની પ્રેક્ટિસ કે પોતાની ઓફિસ માનીને આપવાની છે.

આ શાખાને આદર્શ અમદાવાદના આજ સુધીના તમામ અનુભવ, જ્ઞાન અને કૌશલ્યો રૂપે તો ઉપલબ્ધ છે જ ! શાખા એ પોતાના સ્થાનિક સંસાધનો, રિસોર્સિસ, સ્વયંસેવકો તેમજ સેવા કેન્દ્રો શોધવાના અને મેળવવાના રહેશે. સેવા આપનાર પણ તે વિસ્તારના અને સેવા મેળવનાર પણ તે જ વિસ્તારના.

આવી સ્થાનિક વ્યવસ્થાથી આ કાર્ય પ્રેક્ટીકલ, કીફાયતી અને ચિરંજીવી બનશે. લોકોને સેવા લેવા અને આપવામાં પગપાળા જઈ આવી શકવાથી સમય બચશે. પર્યાવરણની જાળવણી થશે તથા અરસપરસમાં પરિવાર ભાવના મજબૂત બનશે. માણસ માણસમાં પ્રેમ અને મૈત્રીના મીઠા સંબંધો બંધાશે.

શાખાને નીચેના લાભો સહજપણે જ પ્રાપ્ત થશે

(1) સ્થાનિક નગરજનોના સંપર્કથી તે વિસ્તારની ફાજલ જગ્યાઓ મેળવવામાં સુલભતા રહેશે. જેથી અનેક નવા સેવા કેન્દ્રો ખોલી શકાશે.

(2) સ્થાનિક સ્વયંસેવકોનું જ્ઞાન, અનુભવ, કલાઓ અને કૌશલ્યોને આધારે અનેક નવી સેવા પ્રવૃત્તિઓ શરૂ થઈ શકશે. આદર્શ અમદાવાદની વર્તમાન સેવા પ્રવૃત્તિઓનું લીસ્ટ આ રીતે વૃદ્ધિ પામશે.

(3) સ્થાનિક સ્વયંસેવકો મેળવવાનું કામ સહેલું બનશે, કારણ કે ઘર આંગણે સેવા આપનાર અને સેવા મેળવનાર બંનેને સગવડભર્યું રહેશે. આ રીતે સ્વયંસેવકોની સંખ્યા પણ વધશે.

આજે જ્યારે આટલી મોટી સંખ્યામાં આદર્શ અમદાવાદના સ્વયંસેવકોની હાજરી છે ત્યારે આપની સામે આ ટહેલ મૂકું છું કે, આપ આગળ આવો અને જવાબદારી લો. જરૂર છે સેવાભાવી જવાબદાર અને સ્વયંપ્રેરિત સ્વયંસેવક બનીને શાખા સંચાલક બનવાની અને શાખાની સ્થાપના કરવાની. આપ અમદાવાદની સેવા સેનાના એક અદના સેવાસૈનિક બનો અને આ સેવા કરવાની કાયમી જવાબદારી સ્વીકારો. લગ્ન કરીને ઘર અને સંતાનોની જવાબદારી લો છો, ધંધો શરૂ કરીને સમગ્ર ધંધાની જવાબદારી લો છો અને

કોઈ પ્રોજેક્ટ કરવા માટે પ્રોજેક્ટની જવાબદારી લો છો એમ શાખાના સુયોગ્ય અને સફલ સંચાલનની જવાબદારી સ્વીકારો. જવાબદારી લો અને છેક સુધી નિભાવો.

સેવા કરવાથી આપણને પોતાને શાંતિ, સમાધિ, સ્વાસ્થ્ય, સુખાકારી અને અઢળક આનંદ મળે છે.

2004માં શરૂ કરેલા આદર્શ અમદાવાદને અહીં સુધી પહોંચાડતા ૧૫ વર્ષ લાગ્યા, પરંતુ હવે બધું તૈયાર છે. આપની શાખાને ખીલવવામાં આટલો લાંબો સમય નહીં લાગે. આપ બે ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં જ આપના ક્ષેત્રને મીની આદર્શ અમદાવાદના સ્વરૂપમાં પરિવર્તિત કરી શકશો.

આપના વિશેષ પ્રયત્નો શાખામાં મૂકાતા શાખા ફુલશે-ફાલશે અને સમગ્ર ક્ષેત્ર પ્રવૃત્તિઓથી ધમધમતું અને મઘમઘતું બનશે.

એક કે વધુ શાખાઓ કાર્યરત થતાં આજનું નેહલથી ચાલતું આદર્શ અમદાવાદ જે 65 સેવા પ્રવૃત્તિઓ, 250 સેવા કેન્દ્રો અને 700 સ્વયંસેવકો સ્વરૂપે છે, તે વિકાસની નવી ઊંચાઈઓ અને નવી ક્ષિતિજોને પ્રાપ્ત કરશે. જેના વડે નવી સેવા પ્રવૃત્તિઓ, નવા સેવા કેન્દ્રો અને ઘણા બધા નવા સ્વયંસેવકો કાર્યરત બનશે. આ રીતે અમદાવાદના અનેક નવા વિસ્તારના નગરજનો સુધી સેવાઓ પહોંચાડી શકાશે. ક્રમશઃ આગળ વધતા આપણે સમગ્ર અમદાવાદને સાંકળી શકીશું જે આપણા સૌનું સહિયારું સ્વપ્ન છે.

આ રીતે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં સ્વયંસેવકો પોતાના વિસ્તારની શાખા ખોલતા જાય. દાખલા તરીકે આદર્શ અમદાવાદ નારણપુરા શાખા, AA શાહીબાગ શાખા, AA સાયન્સ સીટી શાખા વગેરે...

મને આજના મંગલ દિવસે અને શુભ પ્રસંગે આપ સૌને જણાવતા અત્યંત આનંદ થાય છે કે આપણને બે એવા સ્વયંસેવકો મળ્યા છે જેના કારણે આપણે આદર્શ અમદાવાદની સર્વ પ્રથમ બે શાખાઓ ખોલવાની શુભ શરૂઆત કરીએ છીએ જે નીચે પ્રમાણે છે.

(1) શ્વેતાબેન ફાલ્ગુનભાઈ મોદી AA સિંધુભવન શાખા અને

(2) લક્ષ્મીબેન વરધાની AA કાંકરિયા શાખા.

વધુ નગરજનો સુધી ઝડપથી પહોંચવા માટે આપણે શાળાઓ અને કોલેજોનો સહયોગ પણ મેળવી શકીએ. જેમાં વિદ્યાર્થીઓને અનુકૂળ પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય. શાળા-કોલેજના સંચાલકોના સહયોગથી વિદ્યાર્થીઓના વાલીઓ માટે પેરેન્ટિંગ, ફેમિલી કાઉન્સેલીંગ, વાર્તાકથન અને બાલ ઘડતર જેવા અનેક વર્ગો ચલાવી શકાય. તેમજ સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે યોગ, એક્યુપ્રેશર અને બીજી અનેક ઓલ્ટરનેટીવ ચિકિત્સા પદ્ધતિઓ પણ શીખવી શકાય.

શાળા-કોલેજના સમય પછીના સમયે ત્યાંના કલાસ રૂમ અને ઓડિટોરિયમ

ખાલી મળે તેથી ઉપરોક્ત સેવાઓ ત્યાં જ આપી શકાય.

ઉપરના કાર્યને અમલમાં મૂકવા માટે સ્વયંસેવકો પોતાના વિસ્તારની શાળા કે કોલેજના સંચાલકો, પ્રિન્સિપાલ વગેરેનો સંપર્ક કરી, તેમને સમજાવી જો આ પ્રકારની વ્યવસ્થા ગોઠવી શકે, તો કાયમી ધોરણે આ સેવાઓ આપી શકાય. આમાં WIN-WIN situation છે. આદર્શ અમદાવાદને સેવાની તક મળે છે અને શાળા-કોલેજને ઘર આંગણે નવી નવી અનેક પ્રકારની સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ થાય છે.

આદર્શ અમદાવાદના ઉપરોક્ત પ્રકારના વિકાસ અને વિસ્તારની સાથે આપણું નિભાવ ખર્ચ પણ વધશે. આ નિભાવ ખર્ચને પહોંચી વળવા આપણે કાયમી દાતાશ્રીઓ ઉભા કરવા પડે. ટીપે ટીપે સરોવર ભરાય એમ વાર્ષિક 1, 2, 5 કે 10 હજારનું દાન કરનારા એકાદ હજાર કાયમી દાતાઓ ઉભા કરવા જોઈએ. આ રીતે આપણી હવે પછીની યાત્રામાં જે વધારાના નિભાવ ખર્ચની જરૂરિયાત ઉભી થાય તેને પહોંચી વળાય.

આદર્શ અમદાવાદમાં કેટલીક નવી ઓલ્ટરનેટિવ ચિકિત્સા પદ્ધતિઓના નિષ્ણાતો મેળવવા માટે ફી ચૂકવીને તેવા ચિકિત્સકો પાસેથી તાલીમ લેવી પડે. આ માટે કેટલાક નિષ્ણાતોને ફી આપીને બહારથી અમદાવાદમાં લાવવાના પણ રહે અને ક્યારેક આપણા સ્વયંસેવકોને ઉપલબ્ધ સ્થળોએ તાલીમ માટે મોકલવાના રહે. બંનેમાં આર્થિક રોકાણ કરવાનું આવે. આવું રોકાણ કરવાથી આપણે આપણી પોતાની ફેકલ્ટીસ ઊભી કરી શકીએ, જે શીખ્યા પછી આગળ-ઉપર બીજાને તાલીમ આપીને, જે તે ચિકિત્સા પદ્ધતિના ચિકિસ્તકોને તૈયાર કરે... આવી ઘણી ચિકિત્સા પદ્ધતિઓ ધ્યાનમાં આવી છે જેને અમદાવાદમાં લાવવાની અને તેનો વ્યાપક પ્રચાર કરવાની જરૂર છે.

આ જ રીતે કેટલીક NLP (Neuro Linguistic Program) જેવી મનોવિજ્ઞાનનો ઉપયોગ કરીને અનેક પ્રશ્નોનું સમાધાન કરી આપતી ટેકનીકની પણ જરૂરિયાત છે. આ માટે પણ તેના પ્રેક્ટીશનર અને ટ્રેનર્સ તૈયાર કરવા માટે આર્થિક જરૂરિયાત રહે.

આ રીતે આદર્શ અમદાવાદની ઉપરોક્ત પ્રકારની વિવિધ આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધારે મોટા ફંડની જરૂર પડે. જે માટે દાન નીચેના સોર્સીસમાંથી મેળવી શકાય.

(1) કોર્પોરેટ કંપનીઓ પાસેથી તેમના CSR એટલે કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડમાંથી

(2) કોર્પોરેટ Foundations પાસેથી અને

(3) અન્ય દાતાઓ પાસેથી.

આજે જ્યારે ટેકનોલોજીનો જમાનો છે ત્યારે ઉપલબ્ધ ટેકનોલોજીનો ભરપૂર

ઉપયોગ કરીને આપણે આપણા કાર્યો સહેલાઈથી અને ઝડપથી કરી શકીએ. આ કામ આપણા યંગ સ્વયંસેવકોના સહયોગથી થઈ શકશે. આપણા અનેક પ્રકારના લેકચર્સની વિડીયોગ્રાફી કરીને તેને યુટ્યૂબ પર મૂકી શકીએ. આમ કરવાથી તે જ્ઞાન અને અનુભવ દરેકને ઓનલાઈન ઉપલબ્ધ થાય.

ઓનલાઈન પેમેન્ટ, ઓનલાઈન રજીસ્ટ્રેશન, ઓનલાઈન ફીડબેક, ઓનલાઈન પત્રિકા, ઓનલાઈન કોર્સ, ઓનલાઈન લર્નિંગ વગેરે કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય. આદર્શ અમદાવાદના જેટલા પણ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, વર્ગો અને અભ્યાસક્રમોનું ઓનલાઈન રૂપાંતરણ કરવું શક્ય હોય તે કરવું જોઈએ.

આદર્શ અમદાવાદની વેબસાઈટને અપડેટ કરતા રહેવાની, આદર્શ અમદાવાદના તમામ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની જાણકારી વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર વગેરે સોશિયલ મીડિયા પર મૂકી તેનો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે. આ માટે પણ ટેકનોલોજી સજ્જ યંગ સ્વયંસેવકોની સેવાઓ મેળવવાની રહેશે.

આદર્શ અમદાવાદની ઝાંખી આપતી એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાની જરૂર છે, જે આવતા મહિનાઓમાં તૈયાર કરાશે. જેથી આદર્શ અમદાવાદની ઓળખ ઘણા લોકોને યુટ્યૂબ પર મૂકેલી આ ફિલ્મ દ્વારા થાય.

આવો જ એક slideshow તૈયાર કરવાની પણ જરૂર છે જે પણ યુટયૂબ પર મૂકીશું, જેથી એના દ્વારા પણ અનેક લોકોને આદર્શ અમદાવાદની પ્રાથમિક ઓળખ થાય.

આદર્શ અમદાવાદ પાસે એકઠા થયેલા જ્ઞાન, અનુભવો અને કૌશલ્યોના ટૂંકા વક્તવ્યોની લોકોપયોગી વિડીયો ક્લિપ્સ તૈયાર કરીને યુટ્યૂબ પર મૂકીશું.

આદર્શ અમદાવાદ એ એક વિચાર છે, જેનો સફળ પ્રયોગ અમદાવાદમાં થયો છે. આ પ્રાપ્ત મોડેલને ગુજરાતના અન્ય કોઈ પણ શહેર માટે, કે ભારતના અન્ય શહેરો માટે પણ લાગુ પાડી શકાય છે. એ જ રીતે વિશ્વભરમાં પણ આ પ્રયોગને અમલી કરી શકાય. આદર્શ અમદાવાદના માધ્યમથી આપણે આદર્શ રાજ્ય, આદર્શ દેશ અને આદર્શ વિશ્વની કલ્પના કરી શકીએ. આદર્શ અમદાવાદની સફળતા એ માનવતાની જીત અને માનવતાની સફળતા છે. માણસના પ્રેમ, કરૂણા, અનુકંપા અને મૈત્રી જેવા મૂળભૂત ગુણોની સફળતા છે. માણસ માણસને સહકાર આપે અને માણસ માણસની કાળજી રાખે એ સાવ સ્વાભાવિક છે ! માણસ માણસને પ્રેમ કરે, મદદ કરે, ઉપયોગી થાય એમાં, શું મોટી વાત છે? એમ જ હોવું જોઈએ ને ! બસ આ જ સાર છે આદર્શ અમદાવાદની વાર્તાનો ! આવો આપણે સૌ આદર્શ અમદાવાદમાં આવીને એમાં સહભાગી બનીને સાચા અને સારા માણસ બનીએ !

**તંત્રી**

# એપ્રિલ-૨૦૨૦ની વિના મૂલ્યે પ્રવૃત્તિઓ (ઓછામાં ઓછી ૧૦ની સંખ્યા થશે તો જ પ્રવૃત્તિ થશે.)

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રોઈંગ/કેલીગ્રાફી ક્રાફટ ટીચર્સ ટ્રેનીંગ **તા.૨૬-૩-૨૦ થી ૧૧-૪-૨૦ બપોરે ૩.૩૦ થી ૫ (ધો.૧૨થી ઉપર અને હાઉસ વાઈફ માટે)** | ૭૧, મુક્તમધુ સોસાયટી, યુગાન્ડા પાર્ક સોસા.પાસે, વસંતનગર, મણિનગર. રજી.સંપર્ક : લક્ષ્મીબેન વરધાની-૯૭૨૫૯૩૬૭૦૪ | અરૂણભાઈ તલાટી (NDVD) | રૂા.૧૦૦૦/- ડીપોઝીટ ૨૫૦/- કીટ |
| ૨ | આદર્શ બાલ ઘડતર (૧૦ થી ૧૫ વર્ષ) સવારે ૧૦ થી ૧૨ (બે અઠવાડિયાની ૧ બેચ) (કુલ ૬ બેચ) તા.૩૦-૩-૨૦ થી ૧૧-૪-૨૦, તા.૧૩-૪-૨૦ થી ૨૫-૪-૨૦, તા.૨૭-૪-૨૦ થી ૯-૫-૨૦ | 'નેહલ', આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. રજી. સંપર્ક : ફોન-૨૬૫૬૫૪૧૬ (સમય ૧૨ થી ૫) | દીનાબેન ૯૪૨૮૮૦૨૯૬૬ જ્યોત્સનાબેન ૯૯૨૫૫૦૯૯૯૯ | રૂા.૫૦૦/- |
| ૩ | ડ્રોઈંગ તાલીમ. (ફક્ત બાળકો)ધો.૫ઉપર **તા.૧-૪-૨૦ થી ૧૦ દિવસ, સવારે ૯ થી ૧૦.૩૦ (૩૩૪મી બેચ)** | ૭૧, મુક્તમધુ સોસાયટી, યુગાન્ડા પાર્ક સોસા.પાસે, વસંતનગર, મણિનગર. રજી.સંપર્ક : લક્ષ્મીબેન વરધાની-૯૭૨૫૯૩૬૭૦૪ | અરૂણભાઈ તલાટી | રૂા.૨૦૦/- ડીપોઝીટ |
| ૪ | Happiness વર્કશોપ તા.૨-૪-૨૦ થી ૪-૪-૨૦, બપોરે ૨.૩૦ થી ૬ | મૈત્રી ટ્રેઈનીંગ સેન્ટર, આર.સી. સેલ્સ શોપ, એફએફ ૧ ફલોર ૧૩૮, શ્રીરંગ સ્કાયેવ કોર્પો. બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે, નાના ચિલોડા, એસ.પી.રીંગ રોડ. રજી.માટે વર્ષાબેન-૯૦૯૯૯૫૨૫૯૪ | વર્ષાબેન પરમાર ટ્રેઈનર | નામ નોંધાવવા |
| ૫ | એક્યુપ્રેશર તાલીમ. (૧૫૭મી બેચ) **તા.૬-૪-૨૦ થી ૧૦-૪-૨૦ બપોરે ૧.૩૦ થી ૪** | સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, રત્નાકર ટાવરની સામે, આઈઓસી પેટ્રોલ પંપ સામે, ૧૩૨ ફુટ રીંગરોડ, સેટેલાઈટ. હિતીક્ષાબેન-૯૪૨૮૯૧૮૮૭૭, નીલાબેન-૯૮૯૮૭૪૫૯૩૬ | નીતાબેન શેઠ (થેરાપીસ્ટ) | રૂા.૧૦૦/- કીટ+બુકના |
| ૬ | યોગ શિબિર (બહેનો-ભાઈઓ-ફ્રેશર્સ માટે) **તા.૬-૪-૨૦ થી ૧૦ દિવસ સવારે ૮ થી ૯ (૫૩મી બેચ)** | કેલા મૈયા મંદિર પાવર હાઉસ ચાર રસ્તા, સાબરમતી. રજી. સંપર્ક : દીપીકાબેન-૮૪૦૧૮૭૩૩૪૨ | જ્યોતિબેન સોની (યોગ ટીચર) | નામ નોંધાવવા |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૭ | શિવ સ્વરોદય વિજ્ઞાન (ઉજી શિબિર) **તા.૬-૪-૨૦ અને ૭-૪-૨૦ સાંજે ૬ થી ૭** | રીવરફ્રન્ટ ગેટ નં.-૧, શાહીબાગ. રજી.સંપર્ક : ભરતભાઈ દવે-૯૦૯૯૧૩૮૦૨૮ | રાજેશ પાઠક | નામ નોંધાવવા |
| ૭ A | શાસ્ત્રીય સંગીત તાલીમ. તા.૭-૪-૨૦થી છ મહિના, (દર મંગળ,ગુરૂ,શનિ) સાંજે ૭.૧૫ થી ૮ | ૩૦૪, અનુશ્રી કોમ્પ્લેક્ષસ, બેંક ઓફ બરોડા પાસે, ઉસ્માનપુરા. રજી.સંપર્ક : ૨૬૫૬૫૪૧૬ (સમય ૧૨ થી ૫) | સ્નેહાબેન શાહ (આદર્શ અમદાવાદમાં ભરવી) | રૂા.૧૦૦૦/- ડીપોઝીટ |
| ૮ | યોગ શિબિર (બહેનો-ભાઈઓ-ફ્રેશર્સ માટે) **તા.૭-૪-૨૦ થી ૧૦ દિવસ સવારે ૬ થી ૭** | અમદાવાદ જુનીયર, ૧૮, ગણેશ હોમ, સહજાનંદ હોમ પાસે, આઈ.ઓ.સી.પેટ્રોલ પંપ પાસે, ચેનપુર રોડ, ન્યુ.રાણીપ. રજી.સંપર્ક : બિંદુબેન પટેલ-૯૦૯૯૯૧૮૦૯૦ | રૂચી બારોટ (યોગ ટીચર) | નામ નોંધાવવા |
| ૯ | રેકી ફર્સ્ટ ડીગ્રી તાલીમ. **૧૮૪મી બેચ તા.૭-૪-૨૦ થી ૯-૪-૨૦ બપોરે ૧.૩૦ થી ૩.૩૦** | સીનીયર સીટીઝન કલબ ઓફ મણીનગર, સેલર, પૂજા એપાર્ટમેન્ટ, દુન હાઈસ્કૂલ પાસે, જય હિન્દ ચાર રસ્તા પાસે, મણીનગર. સીમાબેન-૯૪૨૭૪૧૯૪૯૨, વિજયભાઈ-૯૯૭૮૦૭૫૦૬૧ | રજનીબેન સોની (રેકી માસ્ટર) | નામ નોંધાવવા |
| ૧૦ | Neuro Therapy (કમર-ઘુંટણ-ખભાના દુઃખાવા માટે દવા વગરનો ઈલાજ Live Treatment) **તા.૯-૪-૨૦, ગુરૂવાર, બપોરે ૩ થી ૫** | ૧૩ ઉમીયા વિજય સોસા., શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ. હિમાંશી સોની-૯૦૯૯૦૧૩૧૦૭ | આનંદ શર્મા ડૉ.અનુષ્કા શર્મા (NDVD) | નામ નોંધાવવા |
| ૧૧ | પ્રાણા વાયોલેટ હિલીંગ. (છઠ્ઠુ) **તા.૧૧-૪-૨૦, શનિવાર સવારે ૬ થી ૯** | સરદાર પટેલ ગાર્ડન, સીમ્સ હોસ્પિટલની સામે, સાયન્સ સીટી રોડ, સોલા. રજી.સંપર્ક : દિપીકાબેન-૯૫૩૭૭૧૧૮૮૯, મિતલબેન-૯૪૨૬૯૩૪૨૩૪ | મહેશ સોલંકી (ટ્રેઈનર) | નામ નોંધાવવા |
| ૧૨ | સંબંધોની જાળવણી **(Inter Personal Relationship)તા.૧૩-૪-૨૦,૧૮-૪ બપોરે ૧થી૩ (ફક્ત ગ્રેજ્યુ. થયેલ) (બેચ નં.૧૩૨)** | ગુજરાત વિદ્યાપીઠ આઈ.ટી.આઈ. સેન્ટર, સિદ્ધાર્થ પેલેસ હોટલની સામે, ચંદ્રલોક બસ સ્ટોપ પાસે, શાહીબાગ. ૨૨૮૬૪૭૪૬, રજી.સં. દીનાબેન-૮૩૨૦૫૫૦૪૫૦ | વિજયભાઈ શર્મા (ટ્રેનર) | નામ નોંધાવવા |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૧૩ | રેકી સેકન્ડ ડીગ્રી તાલીમ. **૧૮૬મી બેચ તા.૧૩-૪-૨૦ થી ૧૪-૫-૨૦ બપોરે ૨.૩૦ થી ૫** | આત્મીય યોગ કેન્દ્ર ઝગડીયા બ્રીજ પાસે, મણીનગર સ્ટેશન પાસે, મણીનગર. સંપર્ક : મુરલીબેન-૮૩૦૬૧૯૮૮૮૦ | હિરણબેન વૈષ્ણવ (રેકી માસ્ટર) | નામ નોંધાવવા |
| ૧૪ | કપ કેક અને મફીન્સ બનાવતા શીખો. **તા.૧૩-૪-૨૦, સોમવાર, બપોરે ૨ થી ૪,** | એ-૪૦૩, સાગરસમ્રાટ ફ્લેટ, જલારામ મંદિર પાસે, જુના શારદામંદિર રોડ, આંબાવાડી. બીનાબેન-૨૬૫૬૩૦૪૭, ૯૮૨૫૮૭૦૬૮૯ | મોનાબેન (વાનગી સ્પેશ્યા) | રૂા.૨૦/- સામાનના |
| ૧૫ | બાળકો માટે યોગ શિબિર. ધો.૫ થી ૧૨ સુધીના બાળકો. **તા.૧૫-૪-૨૦ થી ૧૦ દિવસ, સાંજે ૫ થી ૬ (૫૩મી બેચ)** | સરદાર પટેલ ગાર્ડન, સીમ્સ હોસ્પિટલની સામે, સાયન્સ સીટી રોડ, સોલા. રજી.સંપર્ક : દિપીકાબેન-૯૫૩૭૭૧૧૮૮૯ | યોગીનીબેન ધોળકિયા યોગ શિક્ષક | નામ નોંધાવવા |
| ૧૬ | સુજોક, મેગ્નેટ, કલર થેરાપી. **તા.૧૫-૪-૨૦ થી ૧૭-૪-૨૦ બપોરે ૨ થી ૪, ૧૫૫મી બેચ** | એ-૪૦૩, સાગરસમ્રાટ ફ્લેટ, જલારામ મંદિર પાસે, જુના શારદામંદિર રોડ, આંબાવાડી. બીનાબેન-૨૬૫૬૩૦૪૭, ૯૮૨૫૮૭૦૬૮૯ | ભાર્ગવીબેન ત્રિવેદી (થેરાપીસ્ટ) | રૂા.૧૦૦/- કીટ+બુકના |
| ૧૭ | ઓવનમાં વાનગી બનાવતા શીખો. **તા.૧૬-૪-૨૦, ગુરૂવાર બપોરે ૨ થી ૪** | નેશનલ ઈન્ડિયન એસોસિએશન ભોલાનાથ સારાભાઈ બિલ્ડીંગ, બીઆરટીએસ સામે, ખમાસા ચાર રસ્તા, ખમાસા. ૨૫૩૯૪૫૨૨, જીગીષાબેન-૯૪૦૮૬૮૬૧૬૨ | સંગીતાબેન (ઓવનમાં વાનગી (સ્પેશ્યાલીસ્ટ) | નામ નોંધાવવા |
| ૧૮ | વિવિધ વાનગી તાલીમ. **તા.૧૭-૪-૨૦, શુક્રવાર, બપોરે ૨ થી ૪** | નેશનલ ઈન્ડિયન એસોસિએશન ભોલાનાથ સારાભાઈ બિલ્ડીંગ, બીઆરટીએસ સામે, ખમાસા ચાર રસ્તા, ખમાસા. ૨૫૩૯૪૫૨૨, જીગીષાબેન-૯૪૦૮૬૮૬૧૬૨ | પ્રિતિબહેન ઠક્કર (વાનગી (સ્પેસીયાલીસ્ટ) | નામ નોંધાવવા |
| ૧૯ | Life Style disorder Cardiac Related Diseases Diabetes, Hypertension, Cholestrol, Obesity. **તા.૧૭-૪-૨૦, શુક્રવાર, સાંજે ૪ થી ૬** | લાઈફ યોગા, એ-૫, બંધન સોસાયટી, ડૉ.હિતેન્દ્ર શાહ ક્લીનીક સામે, તળાવ પાસે, ઘોડાસર. પૂર્ણાબેન-૯૪૨૮૩૫૦૮૮૦ | ડૉ.મોનાલી દેસાઈ | નામ નોંધાવવા |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૨૦ | કેરીઅર કાઉન્સેલીંગ ધો.૧૨ પછી શું? **તા.૧૭-૪-૨૦ થી ૧૮-૪-૨૦ સાંજે ૪.૩૦ થી ૬.૩૦** | ડીજીટલ કોમ્પ્યુટર કેન્દ્ર, રીદ્ધીસીદ્ધી કોમ્પ્લેક્ષ, ૩ જે માળ, તુલસી હોટલ ઉપર, પાસપોર્ટ ઓફીસ સામે, આંબાવાડી. રજી.સંપર્ક : દર્શિનીબેન-૮૪૮૭૯૯૬૦૯૪ | દર્શિનીબેન | નામ નોંધાવવા |
| ૨૧ | ઓરીગામી. (ધો.૪થી ઉપર) **તા.૧૭-૪-૨૦ થી ૧૮-૪-૨૦, બપોરે ૪ થી ૪** | દીનદયાળ સમુત્કર્ષ, સેફ્રોન હોટલની ગલીમાં, મેમનગર. ૨૭૪૬૧૮૫૫, ચેતનાબેન-૯૦૫૪૧૫૦૨૫૯, ૯૪૨૭૬૧૪૨૫૯ | રૂપાબેન | રૂા.૨૦/- સામાનના |
| ૨૨ | ક્વીલીંગ આર્ટસ (પરિકર, ફેવિકોલ ટ્યુબ પોતાના લાવવા) તા.૧૭-૪-૨૦, શુક્રવાર, બપોરે ૨ થી ૪ | શ્રી વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ, ગોતા ઓવરબ્રીજ પાસે, ગોતારોડ, ચાંદલોડીયા. દિપ્તીબેન મિસ્ત્રી-૯૪૨૬૯૩૦૩૫૩ પ્રશાંતભાઈ-૯૯૭૪૪૩૯૬૮૧ | રીચા શાહ | રૂા.૨૦/- મટીરીયલના |
| ૨૩ | ક્વીલીંગ આર્ટસ (પરિકર, ફેવિકોલ ટ્યુબ પોતાના લાવવા) તા.૧૮-૪-૨૦, શનિવાર, બપોરે ૨ થી ૪ | 'નેહલ', આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. ફોન-૨૬૫૬૫૪૧૬, નેહાબેન-૯૪૨૮૭૩૮૨૬૬ | રીચા શાહ | રૂા.૨૦/- મટીરીયલના |
| ૨૪ | ઓરીગામી. (ધો.૪થી ઉપર) **તા.૧૯-૪-૨૦ થી ૨૦-૪-૨૦, બપોરે ૪ થી ૪** | નેશનલ ઈન્ડિયન એસોસિએશન ભોલાનાથ સારાભાઈ બિલ્ડીંગ, બીઆરટીએસ સામે, ખમાસા ચાર રસ્તા, ખમાસા. ૨૫૩૯૪૫૨૨, જીગીષાબેન-૯૪૦૮૬૮૬૧૬૨ | રૂપાબેન | રૂા.૨૦/- સામાનના |
| ૨૫ | બાળકો માટે યોગ શિબિર. ધો.૫ થી ૧૨ સુધીના બાળકો. **તા.૨૦-૪-૨૦ થી ૧૦ દિવસ, સાંજે ૫ થી ૬** | એલિસબ્રીજ જૈન સંઘ, શાંતિવન બસ સ્ટેન્ડ પાસે, પાલડી. હેતલબેન-૯૪૨૬૭૬૨૦૦૯ | હેતલબેન વીમાવાળા યોગ શિક્ષક | નામ નોંધાવવા |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સપર્ક નબર | સચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૨૬ | ગ્લાસ પેઈન્ટીંગ તથા પેન સ્ટેન્ડ (ધો.૫થી ઉપરના) (કાતર,પીછી,નકામું કાપડને છાપુ, સેલોટેપ પોતાના લાવવા) **તા.૨૦-૪-૨૦ અને ૨૧-૪-૨૦ બપોરે ૨.૩૦ થી ૪.૩૦** | અમદાવાદ જુનિયર્સ ૨૭, શિવ બંગ્લોઝ, ત્રિશલા-૩ ફલેટની પાસે, સાયોના સીટી પાછળ, ચાંદલોડીયા. બીનાબેન-૭૯૯૦૭૭૫૭૦૬ | જયેશ ખોરાસીયા | રૂા.૧૫૦/- સામાનના કાચ, કલર, ફોઈલ |
| ૨૭ | બાલ ફિલ્મ શો (હાસ્ય અને બૌદ્ધિક) **તા.૨૧-૪-૨૦, મંગળવાર, સાંજે ૪ થી ૬** | શ્રી વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ, ગોતા ઓવરબ્રીજ પાસે, ગોતારોડ, ચાંદલોડીયા. દિપ્તીબેન મિસ્ત્રી-૯૪૨૬૯૩૦૩૫૩ પ્રશાંતભાઈ-૯૯૭૪૪૩૯૬૮૧ | આકાશ | નામ નોંધાવવા |
| ૨૮ | ગ્લાસ પેઈન્ટીંગ તથા પેન સ્ટેન્ડ (ધો.૫થી ઉપરના) (કાતર,પીછી,નકામું કાપડને છાપુ, સેલોટેપ પોતાના લાવવા) **તા.૨૨-૪-૨૦ અને ૨૩-૪-૨૦, બપોરે ૨ થી ૪** | સીનીયર સીટીઝન કલબ ઓફ મણીનગર, સેલર, પૂજા એપાર્ટ. દુન હાઈસ્કૂલ પાસે, જય હિન્દ ચાર રસ્તા પાસે, મણીનગર. સીમાબેન-૯૪૨૭૪૧૯૪૯૨, વિજયભાઈ ચૌધરી-૯૯૭૮૦૭૫૦૬૧ | જયેશ ખોરાસીયા | રૂા.૧૫૦/- સામાનના |
| ૨૯ | બાલ ફિલ્મ શો (હાસ્ય અને બૌદ્ધિક) **તા.૨૨-૪-૨૦, બુધવાર, સાંજે ૪ થી ૬** | સમુન્નતિ ટ્રસ્ટ, માણેકબા ભવન, પ્રેયસ હાઈસ્કૂલ સામે, ગોલવાડ નાકા, ખાનપુર. આસ્વીબેન-૨૫૫૦૦૧૫૯, ૭૫૬૭૬૪૮૧૧૮ | આકાશ | નામ નોંધાવવા |
| ૩૦ | વાર્તાકથન **તા.૨૩-૪-૨૦, ગુરૂવાર બપોરે ૩ થી ૫** | અમદાવાદ જુનિયર્સ ૨૭, શિવ બંગ્લોઝ, ત્રિશલા-૩ ફલેટની પાસે, સાયોના સીટી પાછળ, ચાંદલોડીયા. બીનાબેન-૭૯૯૦૭૭૫૭૦૬ | બિંદુબેન માધુ | નામ નોંધાવવા |
| ૩૧ | આર્ટ/ક્રાફટ તાલીમ (ઓઈલ કલર, વેક્ષ કલર, પેન, પેન્સિલ, રબર, પાટીયું પોતાના લાવવા) **તા.૨૩-૪-૨૦, સવારે ૧૦ થી ૧૨** | અમદાવાદ જુનિયર્સ, ૨૭, શિવ બંગ્લોઝ, ત્રિશલા-૩ ફલેટની પાસે, સાયોના સીટી પાછળ, ચાંદલોડીયા. બીનાબેન-૭૯૯૦૭૭૫૭૦૬ | જયંતિભાઈ સોની | રૂા.૫૦/- સામાનના (ક્રાફટ પેપર અને સ્કેચબુક) |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૩૨ | વાર્તાકથન **તા.૨૪-૪-૨૦, શુક્રવાર બપોરે ૩ થી ૫** | દીનદયાળ સમુત્કર્ષ, સેફ્રોન હોટલની ગલીમાં, મેમનગર. ૨૭૪૬૧૮૫૫, ચેતનાબહેન-૯૦૫૪૧૫૦૨૫૯, ૯૪૨૭૬૧૪૨૫૯ | બિંદુબેન માધુ | નામ નોંધાવવા |
| ૩૩ | ઓરીગામી. (ધો.૪થી ઉપર) (નોટ પેન પોતાના લાવવા), **તા.૨૪-૪-૨૦ થી ૨૫-૪-૨૦, બપોરે ૨ થી ૪** | સીનીયર સીટીઝન કલબ ઓફ મણીનગર, સેલર, પૂજા એપાર્ટ. દુન હાઈસ્કૂલ પાસે, જય હિન્દ ચાર રસ્તા પાસે, મણીનગર. સીમાબેન-૯૪૨૭૪૧૯૪૯૨, વિજયભાઈ ચૌધરી-૯૯૭૮૦૭૫૦૬૧ | રૂપાબેન | રૂા.૨૦/- સામાનના |
| ૩૪ | Rubi Quiz Puzzle **તા.૨૫-૪-૨૦ થી ૨૬-૪-૨૦, સાંજે ૪.૩૦ થી ૬.૩૦ (રૂબીક્વીઝ)** | કસ્તુરબા કેન્દ્ર, ધર્મનગર, સાબરમતી. હિરવા શાહ-૭૫૬૭૨૫૯૯૨૬ | પ્રકાશભાઈ વોરા | નામ નોંધાવવા |
| ૩૫ | આર્ટ/ક્રાફટ તાલીમ (ઓઈલ કલર, વેક્ષ કલર, પેન, પેન્સિલ, રબર, પાટીયું પોતાના લાવવા) **તા.૨૫-૪-૨૦, બપોરે ૩ થી ૫** | દીનદયાળ સમુત્કર્ષ, સેફ્રોન હોટલની ગલીમાં, મેમનગર. ૨૭૪૬૧૮૫૫, ચેતનાબહેન-૯૦૫૪૧૫૦૨૫૯, ૯૪૨૭૬૧૪૨૫૯ | જયંતિભાઈ સોની | રૂા.૫૦/- સામાનના (ક્રાફટ પેપર અને સ્કેચબુક) |
| ૩૬ | બાલ ફિલ્મ શો (હાસ્ય અને બૌદ્ધિક) **તા.૨૫-૪-૨૦, શનિવાર, સાંજે ૫ થી ૭** | ગુજરાત વિદ્યાપીઠ, સમાજ કાર્ય વિસ્તરણ કેન્દ્ર, પ્રાથમિક શાળા સામે, મ્યુનિ.ઓફીસ પાસે, ગોતા. અશોકભાઈ-૯૪૨૬૮૬૧૮૯૬, ૮૧૬૦૩૬૧૩૪૮ | આકાશ | નામ નોંધાવવા |
| ૩૭ | Digital Art in Computer (For Young & House Wives) **તા.૨૫-૪-૨૦, શનિવાર, બપોરે ૧૨ થી ૨** | ‘નેહલ’, આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. રજી.સંપર્ક-ફોન-૨૬૫૬૫૪૧૬, નેહાબેન-૯૪૨૮૭૩૮૨૬૬ (જેમને કોમ્પ્યુ. આવડે છે તેઓ માટે ખાસ) (સમય ૧૨ થી ૫ | અનુષ્કા પટેલ | નામ નોંધાવવા |

| ક્રમ | પ્રવૃત્તિ નામ, તારીખ, સમય | સ્થળ-સંપર્ક નંબર | સંચાલક | રીફંડેબલ |
|---|---|---|---|---|
| ૩૮ | ડ્રોઈંગ, ક્રાફ્ટ, કેલીગ્રાફી ટીચર ટ્રેનીંગ. **તા.૨૬-૪-૨૦ થી ૧૫ દિવસ બપોરે ૨ થી ૪ (ધો.૧૨થી ઉપર,હાઉસ વાઈફ)** | સીનીયર સીટીઝન કલબ ઓફ મણીનગર, સેલર, પૂજા એપાર્ટમેન્ટ, દુન હાઈસ્કૂલ પાસે, જય હિન્દ ચાર રસ્તા પાસે, મણીનગર. સીમાબેન-૯૪૨૭૪૧૯૪૯૨, વિજયભાઈ-૯૯૭૮૦૭૫૦૬૧ | અરૂણભાઈ તલાટી (યોગાચાર્ય) | રૂા.૧૦૦૦/- ડીપોઝીટ રૂા.૨૫૦/- |
| ૩૯ | ક્વીલીંગ આર્ટસ (પરિકર, ફેવિકોલ ટ્યુબ પોતાના લાવવા) **તા.૨૭-૪-૨૦, સોમવાર, બપોરે ૨ થી ૪** | અમદાવાદ જુનિયર્સ, બી-૩, સૂર્યાન હોપ ટાઉન, સત્યમેવ હોસ્પિટલ પાછળ, ન્યુ ચાંદખેડા. શ્રદ્ધા-૯૬૩૮૮૩૬૮૬૮ | ડીમ્પલ શાહ | રૂા.૨૦/- પટ્ટીના |
| ૪૦ | યોગાહાર દવા કસરત વગર રોગ ભગાડો. **તા.૨૭-૪-૨૦ અને ૨૮-૪-૨૦ બપોરે ૪ થી ૫.૩૦** | ચિત્રકૂટ, સ્થાનકવાસી જૈન સોલા ઉપાશ્રય, સુંદરવન એપાર્ટમેન્ટ પાછળ, પેટ્રોલ પંપની ગલીમાં, જૈન દેરાસર સામે, સોલા રોડ. બેલાબેન-૯૦૯૯૨૧૪૧૪૫ | રાજેશ પટેલ (યોગાચાર્ય) | નામ નોંધાવવા |
| ૪૧ | પેરાલીસીસ, બેઈકપેન અને ઘૂંટણ,વાના દુઃખાવા માટે નેચરોપેથી ઉપચાર-કસરત **તા.૨૮-૪-૨૦, મંગળવાર, બપોરે ૨ થી ૪** | શ્રીમતી ભગવતી દેવી હનુંરામ ટ્રસ્ટ, રામ વાટિકા, બેંક ઓફ બરોડા સામે, મહાકાલી માતાના મંદિર પાસે, ગીરધરનગર, શાહીબાગ. મમતાબેન-૯૪૨૭૫૨૪૬૮૫ | ધીરેન્દ્રભાઈ | નામ નોંધાવવા |
| ૪૨ | યોગ ટીચર ટ્રેનીંગ સર્ટીફીકેટસ કોર્સ. ઈન્ટરવ્યુ લીધા બાદ સિલેક્શન. **તા.૧-૬-૨૦ થી ૧૫-૧૦-૨૦ બેચ ૪૯ સવારે ૬ થી ૯, બેચ-૫૦ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦, બેચ-૫૧ બપોરે ૩ થી ૬** | ‘નેહલ’, આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. ફોન-૨૬૫૬૫૪૧૬, સ્નેહલભાઈ-૯૪૦૯૪૮૦૯૬૬ (એપ્લીકેશન ફોર્મ તા.૧-૪-૨૦થી નેહલ, નવરંગપુરા ઓફીસેથી મળશે.) | યોગ ફેકલ્ટી સ્નેહલભાઈ મશરૂવાળા | રૂા.૩૦૦૦/- ડીપોઝીટ રૂા.૭૭૫/- મટીરીયલ |
| ૪૩ | Devlop your Communication and Leadership skills, Every Sunday 3 pm to 4.30 pm, Age 8 to 17 Year | ‘નેહલ’, આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. ફોન-૨૬૫૬૫૪૧૬, ફક્ત ઈંગ્લીશ મીડીયમના બાળકો માટે Sandeep-9765491088 | Gavel Club Faculties Hriday 7069249610 Vranda-9376243276 | નામ નોંધાવવા |

# એપ્રિલ-૨૦ની પ્રવૃત્તિની વિશેષ માહિતી

**(૧) સ્નેહ સંમેલન :** આદર્શ અમદાવાદમાં કાર્યરત સ્વયંસેવકનું સ્નેહ સંમેલન તા.૧૬-૨-૨૦૨૦ના રવિવારે રાખવામાં આવ્યું હતું. સ્થળ : રૂપેશભાઈ શાહનું ફાર્મ હાઉસ, ૧૦-બી, અશોક વાટિકા, અશોક વાટીકા બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે, હીરારૂપ હોલ સામે, ઈસ્કોન ચાર રસ્તા પાસે, બોપલ-આંબલી રોડ, અમદાવાદ. સાંજે ૪ થી ૭. બધા જ ટ્રસ્ટીઓ તથા લગભગ ૪૫૦ વોલેન્ટીર્યસ હાજર હતા. કીરીટભાઈ શાહ આદર્શ યાત્રા, ભરતભાઈ શાહે હવે પછીનું આદર્શ અમદાવાદ, વિવિધ વોલેન્ટીર્યસ દ્વારા ફીડબેક આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ સ્નેહભોજન રાખવામાં આવ્યું હતું. લગભગ બધા જ કાર્યરત સ્વયંસેવકો હાજર હતા. (કદાચ કોઈના ફોન બદલાવાથી સંપર્ક ન થયો હોય તો ક્ષમા)

**(૨) એપ્રિલ-મે વેકેશન દરમ્યાન બાળકોની પ્રવૃત્તિઓ :** બાળકોના વેકેશનને ધ્યાનમાં રાખીને વિવિધ વિસ્તારોમાં બાળકોની વિવિધ પ્રવૃત્તિઓના અનુભવી નિષ્ણાતો દ્વારા આયોજન કર્યું છે.

હજુ મે મહિના માટે (૧) કોઈ સ્વયંસેવકોને બાળકોની પ્રવૃત્તિ કરવા ઈચ્છતા હોય અને (૨) કોઈ પોતાના વિસ્તારમાં આ બાળકોની પ્રવૃત્તિ કરીને વધુ બાળકોને લાભ આપવા ઈચ્છતા હોય તો આદર્શ અમદાવાદ ૨૬૫૬૫૪૧૬ ઉપર સંપર્ક કરવા વિનંતી.

**(૩) મેડીકલ સેવાઓ વધારો તથા ફેરફાર :** (૧) જીવરાજ પાર્ક ખાતે અગાઉ ડૉ.અમીતભાઈ શાહ સેવા આપતા હતા તે રાબેતા મુજબ દર મંગળ અને શુક્રવારે સવારે ૮ થી ૯.૩૦ સેવા આપશે.

(૨) નારણપુરામાં પણ દર મંગળને શુક્રવાર સાંજે ૪.૩૦ થી ૫.૩૦ ડૉ.દેવીન્દ્રાબેન સેવા આપશે.

(૩) વેજલપુર ખાતે ડૉ.મનોજભાઈ શાહની સેવા ચાલુ થઈ ગઈ છે. સોમ,બુધ, શુક્ર સાંજે ૪ થી ૬.

(૪) શિશુગૃહ, પાલડી ખાતે મેડીકલ કેન્દ્ર ટૂંકમાં ચાલુ થશે.

**(૪) નવા એક્યુપ્રેશર સારવાર કેન્દ્ર :** આદર્શ અમદાવાદ દર મહિને એક્યુપ્રેશર તાલીમ વિવિધ વિસ્તારોમાં શ્રી નીતાબેન શેઠ દ્વારા આપવામાં

આવે છે. દરેક વખતે ૩૦-૪૦ ભાઈ-બહેનો લાભ લે છે. તેમાં જેને સેવા આપવાની ઈચ્છા હોય તો હાલમાં ચાલતા એક્યુપ્રેશર સારવાર કેન્દ્રમાં સેવા-સારવારમાં જોડાઈ શકે છે અને પછી પૂરી તાલીમ બાદ આદર્શ અમદાવાદનું નવા એક્યુપ્રેશર સારવાર કેન્દ્ર ખોલી શકે છે. જેઓ એક્યુપ્રેશર તાલીમ લીધી હોય તે દરેકને આદર્શ અમદાવાદ ૨૬૫૬૫૪૧૬ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. હાલ લગભગ ૧૧ એક્યુપ્રેશર કેન્દ્ર છે.

દરેક વિસ્તારમાં થાય તો વધુ લાભ જનતાને મળે. (૧) તો જેની પાસે જગ્યા હોય અને સેવાર્થે અઠવાડિયામાં ફક્ત ૨-૩ દિવસ અને ફક્ત ૧, ૨ કલાક જગ્યા આપવા ઈચ્છતા હોય તેને ૨૬૫૬૫૪૧૬ ઉપર સંપર્ક કરવા વિનંતી.

**(૫) આદર્શ અમદાવાદની વધુ બ્રાન્ચ :** આદર્શ અમદાવાદની મુખ્ય બ્રાન્ચ નેહલ, નવરંગપુરા ખાતે છે. ત્યાંથી બધી જ પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે. હવે આદર્શ અમદાવાદની વધુ બ્રાન્ચ ખોલવાની છે. જ્યાં બધી પ્રવૃત્તિઓ થાય અને સંચાલન થાય. એટલે કે ત્યાં ફોન કરો તો બધી પ્રવૃત્તિની માહિતી મળે. ત્યાં ૩ વ્યક્તિઓ દ્વારા સંચાલન થાય. મેઈન વ્યક્તિ જે કોર્ડિનેટર હોય, બીજી વ્યક્તિ જે બધી પ્રવૃત્તિનું સંચાલન કરે અને ત્રીજી વ્યક્તિ બધી પ્રવૃત્તિની માહિતી આપે, વ્યવસ્થામાં મદદરૂપ થાય. તા.૧૬-૨-૨૦૨૦ના પ્રોગ્રામમાં બે બ્રાન્ચની જાહેરાત થઈ છે. જેમાં કાંકરીયા બ્રાન્ચ આદર્શ અમદાવાદ જેનું કોર્ડિનેટ લક્ષ્મી વરધાની કરશે. બીજી સીંધુભવન બ્રાન્ચ આદર્શ અમદાવાદ જેનું કોર્ડિનેટ શ્વેતાબેન મોદી કરશે. તે બંને બ્રાન્ચ એક સંચાલક અને એક માહિતી આપનારને (સેવા આપનાર) રાખશે. જ્યાં બધા જ કામ થાય. આદર્શ અમદાવાદની બધી પ્રવૃત્તિઓના ફોર્મ મળે.

**(૬) યોગ બેઝીક ટીચર્સ ટ્રેનીંગ સર્ટીફીકેટ કોર્સ :** લાંબા ગાળાના ૫ મહિનાનો કોર્ષ નેહલ, નવરંગપુરામાં ચાલે છે. તે ઘણી વ્યક્તિઓ કરી શકતા નથી. તેથી ટૂંકાગાળાને યોગ બેઝીક કોર્સ ફક્ત દોઢ મહિના (૪૫ દિવસનો) કોર્સ કરવામાં આવે છે. તેમાં ઉંમરની મર્યાદા અને લાયકાતમાં છૂટછાટ હોય છે તેથી બધા જ લોકો કરી શકે છે. આવી તાલીમ સાયન્સ સીટીમાં રાખવામાં આવી છે.

**નોંધ :** આવી બેઝીક ટીચર્સ ટ્રેનીંગ આપના વિસ્તારમાં જો જગ્યા હોય ને કરવા ઈચ્છતા હો તો બેઝીક યોગ ટીચર્સ ટ્રેનીંગના કોર્ડિનેટર શોભનાબેન

મો.૯૭૧૪૪૬૦૪૮૪ અને દર્શનાબેન પટેલ મો.૭૮૭૮૫૫૯૭૯૮ ઉપર સંપર્ક કરવા વિનંતી. આદર્શ અમદાવાદ બેનર, લીફલેટ, વોટ્સએપ દ્વારા જાહેરાત કરશે.

**(૭) યોગ ટીચર્સ ટ્રેનીંગ :** હવે પછીની ક્યારે? તા.૧-૬-૨૦ થી ૧૫-૧૦-૨૦. (૧) ૪૯મી બેચ સવારે ૬ થી ૯ (૨) ૫૦મી બેચ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ (૩) ૫૧મી બેચ બપોરે ૩ થી ૬. એપ્રિલમાં ફોર્મ ભરવાના ચાલુ થશે.

**સ્થળ :** આદર્શ અમદાવાદ, નેહલ, કોમર્સ છ રસ્તા, હોલસેલ હબ ઉપર, નવરંગપુરા, અમદાવાદ.

**એડમિશન કેવી રીતે લેવું :** અગાઉથી આદર્શ અમદાવાદમાં આવી ફોર્મ ભરવું. પાસપોર્ટ ફોટો સાથે લાવવો. ફોર્મના આધારે ફોન કરીને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. તેમાં સિલેક્શન થશે ત્યારબાદ રીફંડેબલ ડીપોઝીટ ભરવાની રહેશે.

**તાલીમના વિષયો :** યોગ પ્રેક્ટીકલ, થેરાપીટીક યોગ, જીવનદર્શન, એનેટોમી, ફીઝીયોલોજી જેવા વિષયો થીયોરેટીકલ ભણાવવામાં આવશે. તેમજ દરરોજ પ્રેક્ટીકલ યોગના વિવિધ આસનો શીખવવામાં આવે છે.

પરીક્ષા : મીડ ટર્મમાં ૨૭૫ માર્કસ અને ફાઈનલમાં ૬૦૦ માર્કસની થીયોરેટીકલ તથા પ્રેક્ટીકલ પરીક્ષા લેવાય છે.

**ફી :** બહાર આ કોર્સ રૂા.૨૦,૦૦૦/- ચાર્જથી કરાય છે. જ્યારે આદર્શ અમદાવાદમાં કોઈ જ ફી નથી. લાંબાગાળાનો કોર્સ હોવાથી સીટ રિઝર્વ થાય અને રેગ્યુલર આવે તે ધ્યાનમાં રાખીને રીફંડેબલ ડીપોઝીટ રૂા.૩૦૦૦/- + સ્ટડી મટીરીયલના રૂા.૭૦૦/- તથા પત્રિકાના સભ્યપદના રૂા.૭૫/- લેવાય છે. પરીક્ષા પાસ કરનારને રૂા.૩૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ પરત કરવામાં આવે છે.

**વિશેષ માહિતી :** (૧) અત્યાર સુધીમાં ૧૬૦૦ યોગ શિક્ષકો આદર્શ અમદાવાદ દ્વારા તાલીમ લઈ ચૂક્યા છે. (૨) અનુભવી ફેકલ્ટી દ્વારા તાલીમ અપાય છે. (૩) પાસ થનારને માર્કશીટ અને સર્ટીફીકેટ આપવામાં આવે છે. (૪) તાલીમ દરમ્યાન પોતાના કામ માટે ૧૧ રજાઓ મળે છે. (૫) રજીસ્ટ્રેશન માટેનું ફોર્મ ભરવાનું ૧ મે - ૨૦૨૦થી ચાલુ થશે. વિશેષ માહિતી માટે સંપર્ક

: આદર્શ અમદાવાદ - ૨૬૫૬૫૪૧૬, સ્નેહલભાઈ મશરૂવાલા-૯૪૦૯૪૮૦૯૬૬

**નોંધ :** (૧) તૈયાર થયેલા કેટલાક યોગશિક્ષકો આદર્શ અમદાવાદના ૫૦ કેન્દ્રોમાં સેવા આપી રહ્યા છે. (૨) કેટલાક યોગશિક્ષકો પોતાના પ્રાઈવેટ યોગ કલાસ ચલાવીને આજીવિકા પણ મેળવી રહ્યા છે.

**(૮) સ્પોકન ઈંગ્લીશ ટીચર્સ ટ્રેનીંગ સર્ટીફીકેટ કોર્સ :** ફક્ત ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે. વિનયભાઈ પટેલ સાહેબ દ્વારા. રીફંડેબલ ડીપોઝીટ રૂા.૧૦૦૦/-

**(૯) આદર્શ બાળ ઘડતર :** બાળકોનો વિકાસ - બાળકના જીવનની શરૂઆતમાં જ સંસ્કાર ઘડતર જેમ જેમ પરિવારો નાના થતા જાય છે તેમ તેમ બાળકના વિકાસમાં દાદા-દાદીના ઘડતરની અછત દેખાઈ આવે છે. બાળકોનું ભવિષ્ય આ કારણથી ન જોખમાય તે માટે આદર્શ અમદાવાદ દર વર્ષે ૧૫ દિવસીય વર્કશોપનું આયોજન કરે છે.

બાળકો તેમાં લાઈફ મેનેજમેન્ટ સ્કીલ્સ, વિવિધ રમતો અને નૈતિક પાઠ ભણે છે જે તેમના ભવિષ્યના વિકાસ માટેનો પાયો બની રહે છે. આ રીતે આ કોર્સમાં ભાગ લીધેલ દરેક બાળક એક વિકસિત અને ભવિષ્ય માટે તૈયાર વ્યક્તિત્વ સાથે અલગ તરી આવે છે.

આદર્શ બાલ ઘડતરની વિવિધ બેચોની તારીખ નીચે પ્રમાણે છે. **બેચ-૧** તા.૧૬-૩ થી ૨૮-૩, **બેચ-૨** તા.૩૦-૩ થી ૧૧-૪, **બેચ-૩** તા.૧૩-૪ થી ૨૫-૪, **બેચ-૪** તા.૨૭-૪ થી ૯-૫, **બેચ-૫** તા.૧૧-૫ થી ૨૩-૫, **બેચ-૬** તા.૨૫-૫ થી ૬ જૂન છે. દરેક બેચમાં નિશ્ચિત સંખ્યામાં બાળકોને પ્રવેશ અપાય છે. ગયા વર્ષે વાલીઓ ચૂકી ગયાં હતા અને પ્રવેશ ના મળવાથી અફસોસ અનુભવતા હતા. તેથી વહેલાસર રીફંડેબલ ડીપોઝીટ ભરી નામ રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી છે.

**(૧૦) ચેસ તાલીમ :** ચેસ તાલીમ આવતા મહિને પાલડી તથા નેહલ, નવરંગપુરા ખાતે રાખવામાં આવશે, જેની નોંધ લઈ સમયસર નામ નોંધાવવાં. આ તાલીમમાં બાળકો, યુવાનો, ગૃહિણી તથા નિવૃત્ત લાભ લઈ શકશે.

# આદર્શ અમદાવાદની યાત્રા અને સિદ્ધિ

(તા.૧૬-૨-૨૦૨૦ના રોજ સ્નેહ સંમેલનના કીરીટભાઈ શાહ દ્વારા સ્પીચ) સામાન્ય રીતે કોઈ યાત્રા ચાલુ થાય અને તેનો અંત આવે છે જ્યારે આદર્શ અમદાવાદની આ અનંતની યાત્રા છે. કારણ કે દર વર્ષે યાત્રિકો એટલે વધુને વધુ સ્વયંસેવકો જોડાતા જાય છે અને તેનું કદ વધતું જાય છે.

ભરતભાઈનો આદર્શ અમદાવાદ માટે વિચાર્યું કે દરેક વ્યક્તિ નિરોગી રહે તે માટે ૧ યોગ શિક્ષક દ્વારા ૧ યોગ કેન્દ્ર ઈશ્વર ભુવન ખાતે ૩૦-૪૦ યોગ સાધકો દ્વારા ૨૦૦૪માં ચાલુ કરવામાં આવ્યું. અત્યારે સિદ્ધિ સ્વરૂપે ૫૦ યોગ કેન્દ્રો શરૂ થયાં. પરંતુ સવાર-સાંજના યોગના સમયને ધ્યાનમાં લેતા ૭૫ યોગકેન્દ્રો થાય છે. જેમાં લગભગ દરરોજ ૨૫૦૦-૩૦૦૦ યોગ સાધકો ભાગ લઈ રહ્યાં છે. જેમાં લગભગ ૧૩૦ યોગ શિક્ષકો સેવા આપી રહ્યા છે. હવે યોગ ટીર્ચસ ટ્રેનીંગ ફક્ત ૧ વાર સેલેરી પેઈડ યોગ ટીર્ચસ દ્વારા ચાલુ કરવામાં આવી. આ પહેલી બેચમાં લગભગ ૩૦-૩૫ યોગ ટીર્ચસ તૈયાર થયા. હવે આદર્શ અમદાવાદને સેલેરી ટીર્ચસ પોષાય નહી તેથી તાલીમ પામેલા યોગ ટીર્ચસ પછીની બેચમાં યોગ ફેકલ્ટી બન્યા અને દીવાથી દીવો બળે તેમ યોગ ફેકલ્ટીની સંખ્યા વધી. અત્યારે સિદ્ધિ સ્વરૂપે યોગ ટીર્ચસ ટ્રેઈનીંગની ૫ મહિનાની ૪૫ બેચ દ્વારા ૧૨૩૪ યોગ અને દોઢ મહિનાની બેઝીક યોગ ટીર્ચસ ટ્રેઈનીંગ દ્વારા કુલ ૧૭૩૭ યોગ ટીર્ચસ તૈયાર થયા છે. અત્યારે ૪૬,૪૭,૪૮મી બેચ યોગ શિક્ષક ટીર્ચસ ટ્રેઈનીંગ ચાલુ છે. આ યોગ ટીર્ચસ ટ્રેઈનીંગમાં ફેકલ્ટી તથા યોગકેન્દ્રના યોગ શિક્ષકો નિરંતર સવાર, બપોર, સાંજ દોડીને સેવા આપી રહ્યાં છે. તે દરેકને ધન્યવાદ છે. આ યોગ ટીર્ચસ ટ્રેઈનીંગ પ્રાઈવેટમાં કરવા જાવ તો રૂા.૨૦,૦૦૦/- ભરવા પડે છે. જ્યારે અહીં વિનામૂલ્યે ! બીજુ કે અત્યારે આદર્શ અમદાવાદ કેટલાક યોગ શિક્ષકો પોતાના પ્રાઈવેટ ટ્યુશનો દ્વારા મહિને રૂા.૧૦,૦૦૦/- થી માંડી રૂા.૨૫૦૦૦/- મેળવી રહ્યા છે. અહીં ખાસ એક બાબત નોંધનીય છે કે આ યોગ ટીર્ચસ તાલીમ રાખીને અહીંયા એટલા બધા યોગ શિક્ષકોને ફેકલ્ટી હાજર છે કે દરેકના નામ આપવા અશક્ય છે પણ દરેકને ખૂબ ખૂબ વંદન/ અભિનંદન છે. પ્રાઈવેટમાં યોગ ટીર્ચસ ટ્રેઈનીંગ કર્યા બાદ કેટલાક આદર્શ અમદાવાદની યોગ ટીર્ચસ ટ્રેઈનીંગ મેળવે છે કેમ? કારણ કે અહીં યોગ વિશે ઘણું શીખવા મળે છે. આ સમયે સ્વ.અશ્વિનભાઈ ટોલીયાને ખાસ યાદ કરીએ

છે કે કારણ કે તેમનો ફાળો યોગ માટે યાદગાર છે. અત્યારે આ કામ સ્નેહલભાઈ મશરૂવાળા સંભાળી રહ્યા છે, તેમને ધન્યવાદ.

હવે મેડીકલ ક્ષેત્ર ખૂબ જ કોસ્ટલી છે. એક સામાન્ય રોગ માટે રોજના રૂ.૩૦૦ પ્રાઈવેટમાં ચૂકવવા પડે છે. જ્યારે આદર્શ અમદાવાદના ૭ પ્રાથમિક સારવાર (દવાખાના)માં લગભગ દરરોજ ૧૦૦ થી ૧૨૫ દર્દીઓ વિનામૂલ્યે લાભ લે છે. જેમાં સેવા આપનાર ડૉ.દમયંતીબેન ૮૮ વર્ષની ઉંમર છે અને કહે છે કે મને ઘેર બેસાડી રાખશો નહીં. મને સોમથી શનિ કાર્યરત રાખો. આમ એલોપથી અને હોમીયોપેથીમાં અન્ય ડૉક્ટરો ખંતથી સેવા આપી રહ્યા છે.

એક્યુપ્રેશર દવા વગરની તાલીમ શ્રી નીતાબેન શેઠ દ્વારા થઈ. ત્યારબાદ એક એક્યુપ્રેશર સારવાર કેન્દ્ર બીડીરાવમાં શરૂ કર્યું. અત્યારે ૧૧ સેન્ટર કાર્યરત છે. દરરોજ ૧૫૦-૨૦૦ વ્યક્તિ લાભ લઈને ઘણા દર્દમાંથી મુક્ત થાય છે.

આ એક્યુપ્રેશર દ્વારા સ્પોકન ઈંગ્લીશના વિનયભાઈ શિક્ષક મળ્યા. તેમને ફ્રોજન શોલ્ડરની તકલીફ હતી. કેટલાય ડૉ.ની દવાથી ના મટી તે એક્યુપ્રેશરની સારવારથી મટી ગયું. અત્યારે વિનયભાઈ દર મહિને દરરોજના ૧ કલાક એમ ૧૫ દિવસ કાર્યરત કરે છે. તેમાં ક્યારેય ઈંગ્લીશ ના બોલનાર ઝીરો હોય તે હીરો બની જાય છે. તેમના કલાસની વીઝીટ કરીએ છીએ અવારનવાર અમેં.

(૧) લાઈફ મેનેજમેન્ટ ટ્રેઈનીંગમાં લોકોના જીવન બદલાય છે. રવિભાઈ ડૉ.વિરાજબેનનું યોગદાન પ્રશંસનીય છે.

(૨) યુથલીડર શીપ દ્વારા બ્રીન્દાબેનની ટીમ દ્વારા ૩૦ યુવાનો તાલીમ મેળવે છે.

(૩) પેરેન્ટીંગ ફોર પીસમાં વાલીઓને બાળકોને સાચવણી કેવી રીતે કરવી તે કોર્ષની તાલીમ મળે છે. જેમાં ડી.આઈ.જી. હસમુખભાઈ પટેલ સાહેબ તથા ગીતાબેન પંચાલનું શ્વેતાબેન મોદી યોગદાન ઘણું છે.

(૪) ફેમીલી કાઉન્સેલીંગ દ્વારા કુટુંબોની ફરિયાદો દૂર થાય છે. જેમાં મોનાબેન ભાઉ તથા જાસ્મીનબેન જેવા અનેક સેવા આપે છે.

ભરતભાઈ તો આદર્શ અમદાવાદમાં જોડાયા પણ સુરેખાબેન તેમના મીસીસને જોડ્યા અને કુટુંબીમાં તેમના ભાણીઓ - નિમિષાબેન, મમતાબેન, શ્વેતાબેન, મોનાબેન ભાઉ પણ જોડાયા.

બીનવપરાશી ચીજોનું કલેક્શન અને ડીસ્ટ્રીબ્યુશન જેમાં કપડાં, ફર્નીચર, સ્ટેશનરી, કોમ્પ્યુટર આવે છે. હજારોની સંખ્યામાં કપડાં આવે છે. તેનું કલાસીફીકેશન કરનાર કરોડપતિ છે. જેમના ઘરમાં કામવાળા કામ કરે છે. પણ અહીં સાઈઝ પ્રમાણે છુટા પાડે છે. એવા કુસુમબેન અને સંપૂર્ણ સંચાલન સુરેખાબેન આ ચીજોનું ડીસ્ટ્રીબ્યુશન જરૂરિયાતવાળી જગ્યાઓમાં થાય છે.

કેટલીક દુકાનોમાંથી ઢગલાબંધ કપડાં આવ્યા. સ્વયંસેવકો જાતે ગયાં વિતરણ કરવા. તેમાંના નવા કપડાં એક બહેનના એક ઘરમાં મોકલવામાં આવ્યા તો કપડાં લેનાર બેન તો રડી પડ્યા, શાંત થયા પૂછ્યું તો જણાવ્યું કે ટૂંકમાં જ આ મારી દીકરીના લગ્ન છે. હું વિચારતી હતી કે હું કે કપડાં ક્યાંથી લાવીશ. જે મને ઘેર બેઠા મળી ગયા. તે બેન પગે લાગવા માંડ્યા અને સ્વયંસેવકોએ કહ્યું કે વંદન તેઓને છે કે જે આદર્શ અમદાવાદમાં આવીને આપી જાય છે.

સિલાઈ તાલીમ : પહેલા ગર્વમેન્ટના સ્કીમ દ્વારા સિલાઈ તાલીમ આદર્શમાં મળતી હતી. પણ ગર્વમેન્ટની સ્કીમ બંધ થઈ ગઈ. આ એક એવી તાલીમ છે કે જેમાં દરરોજ ૪ થી ૫ કલાકનું કામ અને ૩ મહિનાનો કોર્સ. જે પ્રવૃત્તિ સ્વયંસેવકથી ચાલી શકે નહીં. એક ભાઈ દ્વારા કહેવામાં આવ્યું કે ૬ મહિના સુધી ૧ બહેનનો પગાર હું આપીશ. જૂના મશીનોથી શરૂઆત કરી. પછી ૬ મહિના થયાં પછી અમને વિચાર આવ્યો કે હવે શું? ત્યારે નિર્મલાબેન અગ્રવાલ શોધતા શોધતા આદર્શ અમદાવાદમાં આવ્યા અને કહ્યું કે મારે સિલાઈમાં દાન આપવું છે. અમે રજૂઆત કરી કે અત્યારે તો અમારે એક સેન્ટર ચાલે છે. પાંચ સેન્ટર કરવાં છે. તેમને કહ્યું કે ૩ સેન્ટરના સિલાઈના શિક્ષકનો પગાર હું રૂ.૫૦૦૦/- લેખે રૂ.૧૫૦૦૦/- દર મહિને આપીશ. ધન્ય છે આ સામે બેઠા છે તે દાતાઓને. ત્યાં બીજા દાતા સ્નેહાબેન દેવરા કહ્યું કે મારા સાસુ આ સેવા કરતા હતા તો હું ૧ સેન્ટરનો પગાર શિક્ષકનો પગાર દર મહિને હું આપીશ. ત્યાં ભદ્રેશભાઈ વીશાખાવાળા કહે કે મશીનો હું આપીશ. આમ અત્યારે ૫ સેન્ટર ચાલે છે. ધન્ય છે આવા દાતાઓને. અમે ચિંતા કરીએ કે અમુક કામ કેમ થશે? પણ આદર્શ અમદાવાદના મંદિરમાં ભક્તોને ભગવાન મળી જાય છે અને કામ સાકાર થાય છે.

સીનીયર સીટીઝન્સ તથા હાઈસવાઈફ માટે ૭ કોમ્પ્યુટરના સેન્ટર છે. જેમાં શિક્ષકો ૧૫૦ લોકોને દર મહિને લાભ આપે છે. મોબાઈલ કેવી રીતે ચલાવવો તેનું પણ માર્ગદર્શન પણ અપાય છે. શરદભાઈ, ઉદયનભાઈ સામે બેઠા છે. સીનીયર સીટીઝન્સ માટે વિલ વસીયત બનાવવાનું માર્ગદર્શન એડવોકેટ શૈલેષભાઈ આપે છે. ૧૫૫ લેક્ચર ૫૦૦૦ લોકોએ લાભ લીધો છે

એટલું જ નહીં પણ ૧૫૦૦ લોકોના વીલ બનાવી આપ્યા છે.

આ સિવાય બેનોની કુકીંગ સેવાઓ જેમાં વિવિધ વાનગીઓ, ઓવનમાં બનતી વાનગીઓ, દિવાળીની સ્પેશીયલ વાનગી તથા વિવિધ ફરસાણો, અરે ઉતરાયણની ચીક્કીઓ બનાવતા શીખવાય છે. જેમાં આશાબેન, હિનાબેન, પ્રિતીબેન, હીરલબેન, મોનાબેન, સંગીતાબેન જેવા સેવા આપે છે. આ કુકીંગની ખાસિયત એ છે કે જ્યારે અમે નવું કેન્દ્ર ચાલુ કરીએ તો પહેલા કુકીંગનો પ્રોગ્રામ ગોઠવીએ છીએ. જેથી તે કેન્દ્રની જાણ દરેક બહેનોને ઘેર ઘેર થાય છે. પછી જ અમે બીજી બધી પ્રવૃત્તિઓ કરીએ છીએ.

બહેનો માટે સદ્‌વિચાર પરિવારના અસ્મિતાબેન માટે ગર્ભ સંસ્કાર તાલીમ દ્વારા આવનાર બાળક સુસંસ્કારી બને તેમજ તાલીમ પીએચડી થયેલ રાજેશભાઈ પણ સેવા આપે છે. જેમાં દર અઠવાડીયાના પ્રોગ્રામમાં ૫૦ થી વધુ બહેનો લાભ લે છે. ઉપરાંત નીતિનભાઈ ત્રિવેદી દ્વારા મહિલા સુરક્ષા, આપત્તિ સુરક્ષા તેમજ હેરકેર જેવી તાલીમ કમલેશભાઈ આપે છે.

સંગીતના વર્ગોમાં ધ્રુતિબેન, પંકજભાઈ પાઠક, ફોરમબેન, હર્ષિદાબેન સેવા આપે છે. દરેક બેચમાં લગભગ ૨૦-૨૫ ભાઈ-બહેનો લાભ લે છે.

બાળકો માટે ડ્રોઈંગ, કેલીગ્રાફી, અરૂણભાઈ તલાટી, બિંદુબેન જેવા અન્ય શિક્ષકો તાલીમ આપે છે. વિશેષ તાલીમ બાળકો માટે વેકશનમાં લે છે. લગભગ ૫ થી ૭ હજાર બાળકો વેકેશનમાં લાભ લે છે.

આદર્શ બાળ ઘડતરની ખાસ તાલીમ પ્રેક્ષાબેન વોરા, મમતાબેન આપે છે. પ્રમોદભાઈ દ્વારા ચેસની તાલીમ આપે છે. જેમાં બાળકોથી માંડી ઉંમરલાયક ભાઈ-બહેનો દર મહિને ૪૦ થી ૫૦ લાભ લે છે.

કારકીંદિ માર્ગદર્શન જેવા વિવિધ વિષયોના પ્રવચનો અપાય છે. આહાર-માટી-માર્ગદર્શન, માલીશ તાલીમ, રેકી, સૂર્યદર્શન, ઘૂંટણ સાંધાના દુઃખાવાનું સતત માર્ગદર્શન તેના અનુભવી શિક્ષકો જેવા કે ડૉ. અનુષ્કા શર્મા, વૈદ્ય હસીબેન, ચીમનભાઈ, ધીરજભાઈ, પ્રજ્ઞાબેન, માયાબેન, આલાપ દોશી, હિરણબેન દ્વારા અપાય છે.

ટ્રસ્ટી શ્રી રૂપેશભાઈ, રશ્મિનભાઈ, જનકભાઈ, રવિભાઈ, ગુણવંતભાઈ, સુરેખાબેનનું સતત માર્ગદર્શન અવાર-નવાર મળે છે.

સ્ટાફ મિત્રો : દેવેન્દ્રભાઈ સોની, હરીશભાઈ, નીતાાબેન, દીનાબેન, રાજુભાઈ સરસ સેવા આપે છે.

સામાજિક પ્રવૃત્તિઓમાં મોતિયાના ઓપરેશન થાય છે. અત્યાર સુધીમાં ૨૦૭ વ્યક્તિઓએ મોતિયાનો લાભ લીધા છે. ડૉ.હર્ષદભાઈ રાણીપ ખાતે

સેવા આપે છે. કોઈપણ તકલીફ વગર સફળતાપૂર્વક થઈ રહ્યો છે. પથરીની નિર્દોષ દવા આપવાના ૨૬ કેન્દ્રો છે.

ભાવેશભાઈ શાહ, દર્પણ ખંધાર દ્વારા બ્લડ ડોનેશન દર ૩ મહિને રેડક્રોસના સહયોગથી થાય છે. તેમાં રોહિતભાઈ મજમૂદાર, મહેશભાઈ શાહ, ભરતભાઈ પટેલ તથા ઘણા લોકો સહાયક રહે છે. જેમાં દર મહિને લગભગ ૩૦-૩૫ વ્યક્તિઓ બ્લડ ડોનેશન કરી રહ્યા છે. જે પ્રવૃત્તિ છેલ્લા ૧૦ વર્ષથી ચાલે છે. રજનીબેન સોની જેવા સ્વયંસેવકો જે એક સાથે એક્યુપ્રેશર હીલીંગ, માલીશ, રેકી જેવી બધી જ તાલીમોમાં સેવા આપે છે.

ઉપરાંત રીટાયરમેન્ટ પ્લાનીંગ, સીનીયર સીટીઝન્સને મળતા લાભો, સરકારશ્રીની વિવિધ યોજના માટે માર્ગદર્શન અશોકભાઈ, જયરામભાઈ તથા કિરણભાઈ મોદી આપી રહ્યા છે.

૨૨૫ જેટલી જગ્યાઓ લોકો દ્વારા મળી છે. દર મહિને લગભગ ૪૫ પ્રવૃત્તિઓ થાય છે. લગભગ ૮૦૦ સેવકો કાર્યરત છે. અત્યારે કોઈ હોલ ૩ કલાક માટે ભાડે લઈએ તો ઓછામાં ઓછા રૂા.૧૦,૦૦૦ (દસ હજાર) થાય તો ૨૨૫ સ્થળો/કેન્દ્રોની તે પ્રમાણે કિંમત-ખર્ચ મૂકવામાં આવે તો ૧ દિવસના, ૨ કરોડ, ૨૫ લાખ ખર્ચ થાય ધન્ય છે આદર્શ અમદાવાદને જગ્યા આપનાર દાતાઓને જેઓ વિનામૂલ્યે જગ્યા ફાળવે છે.

હવે અત્યારે આદર્શ અમદાવાદની પ્રવૃત્તિઓ વધી છે તેનું મુખ્ય કારણ વોટ્સએપ દ્વારા અપાતી ઈમેજ. જે ત્યાં બેઠેલા ભરતભાઈ દોશી આપી રહ્યા છે.

વોલેન્ટીયર્સનું સીલેક્શન તેમના પર્સનલ ઈન્ટરવ્યું દ્વારા થાય છે. તેવી જ રીતે જગ્યાઓ દેવેન્દ્રભાઈ, કીરીટભાઈ, ભરતભાઈ પટેલ, પ્રવીણભાઈ શાહ રૂબરૂ જઈને સીલેક્ટ કરે છે. અશ્વિનભાઈ શાહ મ્યુનિસિપલના રીટાયર્ડ અધિકારી આવે છે. દરેક વોલેન્ટીર્યસની સેવાને અંતરથી વંદન છે. મારું વ્યક્તવ્ય ફક્ત ૧૦ મિનિટનું છે. તેમાં બધાના નામ અને બધી પ્રવૃત્તિઓ સમાવવું ખૂબ જ મુશ્કેલ છે. તો દરેકને નામ જણાવતા નથી. પણ પ્રત્યક્ષ અને પરોક્ષ સેવા આપતા દરેકને ખૂબ જ વંદન છે. કોઈના નામ ના આવ્યા હોય તો ક્ષમા કરશો. અંતમાં દરેક સ્વયંસેવકોનો ખૂબ જ આભાર.

ભરતભાઈ તો એમ કહે છે કે દરેક પ્રવૃત્તિમાં ટી.ઓ.ટી.કરવી છે. એટલે કે એક શૈલેષભાઈ નહી પણ ૧૦ શૈલેષભાઈ તૈયાર થાય. જેઓ વીલનું માર્ગદર્શન આપે. આમ નીતાબેન શેઠ, વિનયભાઈ પટેલ જેવા અનેક સ્વયંસેવકો બને અને વધુ લોકોને લાભ મળે.

## ફેબ્રુઆરી-૨૦૨૦ માસમાં આવેલ ડોનેશન

| ક્રમ | તારીખ | દાતાનું નામ | નંબર | રકમ | ઉદ્દેશ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૪ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૨ | ૦૧-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૫ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૩ | ૦૨-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૬ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૪ | ૦૨-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૭ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૫ | ૦૩-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૮ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૬ | ૦૩-૦૨-૨૦ | જીજ્ઞાબેન શાહ | ૩૧૧૯ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૭ | ૦૪-૦૨-૨૦ | નિર્મલાદેવી અગ્રવાલ | ૩૧૨૦ | ૧૫૦૦૦ | સિલાઈમાં |
| ૮ | ૦૫-૦૨-૨૦ | ચીમનભાઈ કે. પટેલ | ૩૧૨૧ | ૨૧૦૦૦ | જનરલ |
| ૯ | ૦૫-૦૨-૨૦ | હિરેનભાઈ સી. પટેલ | ૩૧૨૨ | ૨૫૦૦ | મોતિયાના ઓપ. |
| ૧૦ | ૦૭-૦૨-૨૦ | સાધનાબેન ડી. પંડ્યા | ૩૧૨૩ | ૧૦૦૦ | જનરલ |
| ૧૧ | ૦૭-૦૨-૨૦ | સ્નેહા એ. શાહ | ૩૧૨૪ | ૨૦૦૦ | જનરલ |
| ૧૨ | ૦૭-૦૨-૨૦ | મિનલ એમ. વ્યાસ | ૩૧૨૫ | ૧૦૦૦ | યોગા એજ્યુકેશન |
| ૧૩ | ૦૮-૦૨-૨૦ | સ્નેહાબેન દેવરા | ૩૧૨૬ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૧૪ | ૧૨-૦૨-૨૦ | શ્રુતિબેન શાહ | ૩૧૨૮ | ૧૦૦૦ | જનરલ |
| ૧૫ | ૧૨-૦૨-૨૦ | રમેશ વાડીલાલ શાહ | ૩૧૨૯ | ૧૦૦૦૦૦ | જનરલ |
| ૧૬ | ૧૪-૦૨-૨૦ | બુધાભાઈ ટ્રસ્ટ જૈન | ૩૧૩૦ | ૮૫૦૦૦ | જનરલ |
| ૧૭ | ૧૪-૦૨-૨૦ | શાહ ગુણવંતભાઈ રતિલાલ | ૩૧૩૧ | ૫૦૦૦ | સિલાઈમાં |
| ૧૮ | ૧૪-૦૨-૨૦ | શાહ ભારતીબેન ગુણવંતભાઈ | ૩૧૩૨ | ૫૦૦૦ | મેડીકલ ક્લીનીક |
| ૧૯ | ૧૪-૦૨-૨૦ | શાહ નીરજ ગુણવંતભાઈ | ૩૧૩૩ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૦ | ૧૪-૦૨-૨૦ | શાહ સોરીન ગુણવંતભાઈ | ૩૧૩૪ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૧ | ૧૪-૦૨-૨૦ | શાહ મનીષા નીરજભાઈ | ૩૧૩૫ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૨ | ૧૪-૦૨-૨૦ | શાહ બીજલ સોરીનભાઈ | ૩૧૩૬ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૩ | ૧૪-૦૨-૨૦ | ફડીયા અલ્પાબેન રાગેશભાઈ | ૩૧૩૭ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૪ | ૧૭-૦૨-૨૦ | રાજેશ પટેલ અને દિનેશ પટેલ | ૩૧૩૮ | ૧૦૦૦૦ | જનરલ |
| ૨૫ | ૧૭-૦૨-૨૦ | દિલીપકુમાર સી. મહેતા | ૩૧૩૯ | ૧૦૦૦ | જનરલ |
| ૨૬ | ૧૭-૦૨-૨૦ | ગિરીશભાઈ શાંતિલાલ નાણાવટી | ૩૧૪૦ | ૧૦૦૦૦૦ | જનરલ |
| ૨૭ | ૧૮-૦૨-૨૦ | દશરથભાઈ એચ. શાહ | ૩૧૪૧ | ૧૦૦૦ | મેડીકલ ક્લીનીક |
| | | | ૩૧૪૧ | ૪૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૨૮ | ૧૯-૦૨-૨૦ | કન્હાઈ એસ. ઝવેરી | ૩૧૪૨ | ૫૦૦૦ | જનરલ |
| ૨૯ | ૧૯-૦૨-૨૦ | એક ભાઈ તરફથી | ૩૧૪૩ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૩૦ | ૨૨-૦૨-૨૦ | એક ભાઈ તરફથી | ૩૧૪૪ | ૯૫૦૦ | મોતિયાના ઓપ. |
| ૩૧ | ૨૪-૦૨-૨૦ | યોગ કલાસ નેહલ ૫ થી ૬ બહેનો | ૩૧૪૫ | ૨૩૦૦ | બ્લડ ડોનેશન |
| ૩૨ | ૨૭-૦૨-૨૦ | જનક ગૌતમ નાણાવટી | ૩૧૪૬ | ૫૦૦૦૦ | સિલાઈમાં |
| ૩૩ | ૨૮-૦૨-૨૦ | નવીનચંદ્ર ભીખાલાલ શાહ | ૩૧૪૮ | ૨૦૦૦ | મોતિયાના ઓપ. |
| ૩૪ | ૨૮-૦૨-૨૦ | ચૈતાલી આર. ધ્રુવ | ૩૧૪૯ | ૧૦૦૦ | મેડીકલ ક્લીનીક |
| ૩૫ | ૨૮-૦૨-૨૦ | એસજેએફ ફીલાન્થ્રોપીક ઓર્ગેનાઝેશન | ૬૧૦ | ૨૦૦૦૦૦ | જનરલ |
| ૩૬ | ૨૮-૦૨-૨૦ | એસજેએફ ફીલાન્થ્રોપીક ઓર્ગેનાઝેશન | ૬૧૧ | ૨૫૦૦૦ | જનરલ |